સં. ૧૯૪૯માં વ્યાધિએ જોર કર્યું. 'અરિહંત સિદ્ધ સાહુ'ના ધ્યાનમાં વૈશાખ સુદ ૭ની રાતના ૯-૩૦ કલાકે ભાવનગરમાં દેહોત્સર્ગ કર્યો. તેમનાથી દીક્ષિત થયેલા પં. શ્રી ગંભીરવિજયજી, શ્રી ધર્મસૂરિજી (કાશીવાળા), શ્રી વિજયનેમિસૂરિજી આદિ ૧૦ સાધુઓ હતા, જેમાં કેટલાક પ્રખર પ્રતાપી મુનિવરો અને સૂરિવરોનો સમાવેશ થાય છે. આજે પણ તેઓશ્રીના નામ પાછળ સેંકડો સાધુઓની પરંપરા છે.

(સંકલન : 'શ્રી તપાગચ્છ શ્રમણવટવૃક્ષ'માંથી સાભાર.)

**જેમના પ્રભાવથી જૈનશાસન સોળે કળાએ ખીલેલા સૂર્યની જેમ ઝળહળતું : જેમની વ્યાખ્યાનવાણી સાંભળવી એ પણ જીવનનો લ્હાવો ગણાતો : ષડ્દર્શનના તલસ્પર્શી જ્ઞાતા : ન્યાયાંભોનિધિ : કુવાદિતિમિરતરણી**

# પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (શ્રી આત્મારામજી) મહારાજ

પ્રકાંડ પંડિત પૂ. આત્મારામજી મહારાજ પંજાબ અને ગુજરાતની ધરતી પર ભવ્ય અને વિશાળ શાસનપ્રભાવના પ્રસરાવનાર મહાન સાધુ હતા. છેલ્લા બે સૈકામાં થયેલા બહુશ્રુત પ્રભાવક જૈનાચાર્યોમાં આત્મારામજી મહારાજનું સ્થાન મુખ્ય છે. મહાન બુટેરાયજી મહારાજના પ્રથમ બે પ્રખર શિષ્યો–મૂળચંદજી મહારાજ અને વૃદ્ધિચંદજી મહારાજ-જેવા જ પ્રખર શિષ્ય તરીકે તેઓશ્રીનું સ્થાન અદ્વિતીય છે.

પૂ. આત્મારામજી મહારાજ જન્મે કપૂર બ્રહ્મક્ષત્રિય જાતિના હતા. તેઓશ્રીનો જન્મ વિ. સં. ૧૮૯૨ના ચૈત્ર સુદ ૧ ને મંગળવારે પંજાબમાં જીરાનગર નજીક લહેરા ગામમાં થયો હતો. તેમનું જન્મનામ દિત્તારામ હતું. માતાનું નામ રૂપાદેવી અને પિતાનું નામ ગણેશચંદ્ર હતું. પિતા ગણેશચંદ્ર મહારાજા રણજીતસિંહના સૈનિક હતા. લહેરાના જાગીરદાર અત્તરસિંહ શીખ ધર્મગુરુ હતા. એમની ઇચ્છા દિત્તાને શીખ ધર્મગુરુ બનાવવાની હતી. પરંતુ ગણેશચંદ્ર એકના એક પુત્રને સાધુ બનાવવાની ઇચ્છા ધરાવતા ન હતા. તેથી અત્તરસિંહે તેમને જેલમાં પૂર્યા. જેલમાંથી ભાગીને તે અત્તરસિંહ સામે બહારવટે ચડ્યા. અને એક વખત ઉપરીઓની સાથે ઝપાઝપીમાં ગોળી વાગવાથી મૃત્યુ પામ્યા. પરંતુ દિત્તારામના લલાટે સંસારત્યાગની રેખા લખાયેલી હતી તે તેઓ ભૂંસી શકયા નહીં. પિતાના મિત્ર જોધમલ ઓસવાલને ત્યાં ઉછરતા દિત્તાને જૈન સાધુઓનો સંપર્ક થતો રહ્યો. સામાયિક–પ્રતિક્રમણ આદિ ધાર્મિક ક્રિયાઓમાં રસ પડવા માંડયો. આગળ જતાં, લહેરામાં આવેલા બે સ્થાનકવાસી જૈન સાધુઓ–ગંગારામજી મહારાજ અને જીવણરામજી મહારાજ–ની છાપ દિત્તાના મન ઉપર અમીટ પડી. એમણે દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો. જોધમલ ઓસવાલની નામરજી છતાં દિત્તાને દીક્ષા માટે સંમતિ આપવી પડી. વિ. સં.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯૧૦માં ૧૮ વર્ષની વયે માલેરકોટલામાં જીવણલાલજી મહારાજના હસ્તે દીક્ષા લીધી અને આત્મારામજી નામ રાખવામાં આવ્યું.

પૂ. આત્મારામજી મહારાજ અત્યંત પ્રભાવશાળી યુવાન સાધુ હતા. અધ્યયન–અધ્યાપન પ્રત્યે તેમને અપાર લાગણી હતી. તેમની ગ્રહણશક્તિ અને સ્મરણશક્તિ અજોડ હતી. રોજની ૩૦૦ ગાથાઓ કંઠસ્થ કરી શકતા. અર્ધમાગધી અને સંસ્કૃત ભાષાનું શાસ્ત્રીય જ્ઞાન સંપાદન કરીને આગમના કેટલાક પાઠોના ખોટા અર્થો સુધારવાનું ભગીરથ કાર્ય તેમના હાથે થયું. આગમના ગ્રંથો ઉપરાંત વેદો, ઉપનિષદો, પુરાણો, ભગવદ્ ગીતા, રામાયણ, મહાભારત, શાંકરભાષ્ય આદિ હિન્દુ ધર્મના, તેમ જ કુરાન અને બાઇબિલ જેવા અન્ય ધર્મગ્રંથોનું તેમણે ઊંડું પરિશીલન કર્યું હતું. આ ઊંડાં અધ્યયનને લીધે, માત્ર ગુજરાત અને પંજાબમાં જ નહિ, પરંતુ રાજસ્થાન અને ઉત્તર ભારતમાં જયપુર, પાલી, જીરા, લુધીયાણા, દિલ્હી, આગ્રા વગેરે સ્થળે જ્યાં જ્યાં વિહાર કર્યો ત્યાં ત્યાં તેમની વિદ્વત્તાની છાપ પડતી રહી. એટલું જ નહિ, દેશવિદેશમાં પણ તેઓશ્રી એક મહાન ધર્મવેત્તા તરીકે પ્રતિષ્ઠિત થયા. ઇ. સ. ૧૮૯૩માં શિકાગોમાં ભરાયેલી વિખ્યાત સર્વધર્મ પરિષદમાં ભાગ લેવા માટે જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે પૂજ્ય આચાર્યપ્રવરને આમંત્રણ મળ્યું હતું. પરંતુ જૈનસાધુ સમુદ્ર પાર જતા ન હોવાથી એ પરિષદ માટે મહુવાના યુવાન બેરિસ્ટર શ્રી વીરચંદ રાઘવજી ગાંધીને તૈયાર કરીને મોકલવામાં આવ્યા હતા. આ માટે તેઓશ્રીએ તૈયાર કરેલો 'શિકાગો પ્રશ્નોત્તર' નામનો ગ્રંથ જૈનધર્મના પાયાના સિદ્ધાંતો પર ઘણો પ્રકાશ પાડે છે. આ પરિષદમાં પૂ. આત્મારામજી મહારાજ ગયા હોત તો સ્વામી વિવેકાનંદ સાથે મેળાપ થાત!

તે સમયે આર્યસમાજના સ્થાપક દયાનંદ સરસ્વતી રાજસ્થાનમાં પધાર્યા હતા. બંનેને પરસ્પર મળવાની ઇચ્છા હતી. પૂ. આત્મારામજીએ સ્વામી દયાનંદ સરસ્વતીને જોધપુરમાં મળવાનું નિમંત્રણ આપ્યું. અને તેઓશ્રી વિહાર કરીને જોધપુર પહોંચ્યા. પરંતુ એ દરમિયાન સ્વામી દયાનંદ સરસ્વતીનું અકાળ અવસાન થયું. ધર્મશાસ્ત્રોના આ બંને પારંગતોનું મિલન તત્કાલીન સમાજ માટે જુદું જ પરિણામ લાવી શક્યું હોત. કારણ કે વિશાળ અધ્યયનને લીધે પૂ. આત્મારામજી મહારાજ ઉદારમતવાદી હતા. એટલે પંજાબના લાંબા સમયના વિહાર દરમિયાન તેઓશ્રીએ શુદ્ધ સનાતન જૈન ધર્મનો બોધ આપીને લોકોમાં ફેલાયેલી મૂર્તિપૂજા આદિની ગેરસમજને દૂર કરી. આ ઉદાર નીતિને લીધે તેઓશ્રી અનેક સમજોપયોગી કાર્યો સહેલાઈથી કરી શક્યા. પૂ. આત્મારામજી મહારાજ અને શ્રી વિજયાનંદસૂરિનો સંયુક્ત પ્રભાવ પંજાબ, રાજસ્થાન, ગુજરાત આદિ પ્રાન્તોમાં એટલો અસરકારક રહ્યો કે બંને સંયુક્ત નામે "આત્માનંદ" નામની અનેક શાળાઓ, કોલેજો, પાઠશાળાઓ, પુસ્તકાલયો, દવાખાનાઓ, ધર્મશાળાઓ આદિની સ્થાપના થઈ. પંજાબમાં તો જ્યાં જઈએ ત્યાં 'આત્માનંદ'નું જ નામ ગુંજતું હોય!

સં. ૧૯૧૦માં દીક્ષા ગ્રહણ કર્યા પછી તેઓશ્રી ૧૭ સાધુઓ સાથે ગુજરાતમાં આવ્યા. ૨૨ વર્ષના દીક્ષાપર્યાય પછી સં. ૧૯૩૨માં બુટેરાયજી મહારાજ પાસે સંવેગી દીક્ષા લીધી. એ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

જમાનામાં આ એક ઐતિહાસિક ઘટના હતી. સં. ૧૯૩૨નું ચાતુર્માસ ભાવનગર કરીને તેઓશ્રી રાજસ્થાનમાં થઈ પંજાબમાં પાંચ વર્ષ વિચર્યા. ત્યાર બાદ પાછા ગુજરાતમાં અમદાવાદ, સુરત, રાધનપુર, મહેસાણા, પાલીતાણા આદિ સ્થળોએ ચાતુર્માસ કર્યાં. સમગ્ર જૈનસમાજ પર પૂજ્યશ્રીનો ખૂબ જ પ્રભાવ હતો. તેમની મેધાવી વાણી સાંભળવા માટે ગામડે ગામડે લોકો એકત્રિત થતા. સંઘના–મહાજનના આગેવાનો પાંચ-દસ માઈલ સામે જઈને તેઓશ્રીનું સામૈયું કરતા, આની પ્રતીતિ તો તેમને પાલીતાણામાં આચાર્યપદવી આપવામાં આવી ત્યારે થઈ. એ જમાનામાં પ્રવાસનાં અલ્પતમ સાધનો હોવા છતાં, આ પ્રસંગે ગુજરાત, રાજસ્થાન, પંજાબ આદિ પ્રાંતોમાંથી, દેશના જુદાં જુદાં નગરોમાંથી, પાંત્રીશ હજારથી પણ વધુ માણસો એકત્રિત થયા હતા. એ પૂજ્યશ્રીની લોકપ્રિયતાનો ઉજ્જવળ પ્રસંગ હતો.

તેઓશ્રી પંજાબી, ગુજરાતી, હિન્દી, અર્ધમાગધી, સંસ્કૃત આદિ ભાષા ઉપર ખૂબ જ પ્રભુત્વ ધરાવતા હતા. તેથી અનેક ગ્રંથોના અધ્યયન ઉપરાંત ધર્મશાસ્ત્રોની ચર્ચા કરતા. મહાન ગ્રંથોની રચના એ પણ તેમના સાધુજીવનનું ભગીરથ કાર્ય હતું. તેઓશ્રીએ લખેલા ગ્રંથોમાં જૈન તત્ત્વાદર્શ, અજ્ઞાનતિમિરભાસ્કર, તત્ત્વનિર્ણયપ્રસાદ, સમ્યકત્વશલ્યોદ્ધાર, શ્રી ધર્મવિષયક પ્રશ્નોત્તર, નવતત્ત્વ તથા ઉપદેશબાવની, જૈન મતવૃક્ષ, શિકાગો પ્રશ્નોત્તર, જૈન મત કા સ્વરૂપ, ઈસાઈ મત-સમીક્ષા, ચતુર્થ સ્તુતિનિર્ણય ભાગ ૧–૨; આ ઉપરાંત, તેઓશ્રીએ સ્નાત્રપૂજા, અષ્ટપ્રકારી પૂજા, વીશસ્થાનકપદ પૂજા, સત્તરભેદી પૂજા, નવપદ પૂજા, સંખ્યાબંધ સ્તવનો, પદો અને સજ્ઝાયોની પણ રચના કરી છે. આ બધા ગ્રંથોમાં તેમણે જૈનધર્મ અને તત્ત્વદર્શનનાં વિવિધ પાસાઓની ઘણી વિગતે છણાવટ કરી છે. આ બધા ગ્રંથોમાં, તેઓશ્રીએ જૈનધર્મ વિષે લખેલાં ગ્રંથોમાં 'જૈન તત્ત્વાદર્શ' નામનો એક માત્ર દળદાર ગ્રંથ વાંચીએ તો પણ જૈનધર્મનો સમગ્ર સાર એમાં આવી ગયેલો જણાશે. તેઓશ્રીએ એમાં જૈનધર્મની અન્ય ધર્મો સાથે તટસ્થ અને તુલનાત્મક સમીક્ષા કરીને જૈનધર્મની વિશેષતા શી છે તે દર્શાવ્યું છે. 'સમ્યક્ત્વ શલ્યોદ્ધાર' નામના ગ્રંથમાં જૈનધર્મ મૂર્તિપૂજામાં શા માટે માને છે તે આગમગ્રંથો અને ઇતિહાસમાંથી પુરાવાઓ આપીને સિદ્ધ કરી બતાવ્યું છે. હિન્દી ભાષા પર પ્રભુત્વ હોવાથી ઘણી કાવ્યરચનાએ હિન્દીમાં પણ કરી છે. આ પ્રકારનું પૂજાસાહિત્ય હિન્દીમાં આપનાર તેઓશ્રી સર્વ પ્રથમ હતા.

પૂ. આત્મારામજી મહારાજ વિદ્વાન હતા તે સાથે વિનયશીલ પણ હતા. જેટલા લોકપ્રિય અને સન્માનનીય હતા તેટલા લોકચાહક અને લોકાદર ધરાવનાર પણ હતા. આ ગુણો વિશે તેમની આસપાસ અનેક પ્રસંગો નોંધાયા છે, જેની સુવાસ ઘણા લાંબા સમય સુધી જૈન શાસનમાં ફેલાતી રહેશે. તેઓશ્રી પોતાનાથી દીક્ષાપર્યાયમાં મોટા હોય (પછી ભલે પદવીમાં નાના હોય તો પણ) તેમને વંદન કરતા. તેમણે આવા સાધુઓને સન્માન આપવામાં પોતાના ચારિત્રને ઉજ્જવળ કરેલું જોઈ શકાશે. વિદ્વત્તા અને વિનયના આ સુયોગને લીધે પૂજ્યશ્રીની પ્રતિષ્ઠા દરેક સમ્પ્રદાયના લોકો પર રહેતી. એટલે જ તે જમાનામાં પંજાબમાં ઉગ્રપણે ચાલ્યા આવતા મૂર્તિપૂજક અને સ્થાનકવાસી વચ્ચેના ઘેરા વિખવાદને તેઓશ્રી શમાવી શક્યા. એટલું

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

જ નહિ, પંજાબમાં જૈન, હિન્દુ, મુસલમાન, શીખ ધર્મો વચ્ચે ચાલતી વિસંવાદિતાને મિટાવી શક્યા; ચારે ધર્મીઓ વચ્ચે સુમેળ અને સહકારની ભાવના સ્થાપી શક્યા. અને પરિણામે એમના ભક્તજનોમાં માત્ર જૈનો જ નહોતા, પરંતુ શીખ અને મુસલમાનો પણ તેમના ચુસ્ત અનુયાયીઓ બન્યા હતા. તે જમાનાના ધર્મઝનૂની માનસ ધરાવતા લોકોમાં આવો એખલાસ સ્થપાય એ નાનીસૂની સિદ્ધિ નથી.

સાઈઠ વર્ષનાં આયુષ્યમાં તેઓશ્રીએ અનેક ભગીરથ કાર્યો કર્યાં. લોકોમાં ધર્મ પ્રત્યેની અદ્‌ભુત જાગૃતિ આણી. શિક્ષણ અને સંસ્કારના ક્ષેત્રે અનેક સમાજોપયોગી કાર્યોની–પ્રવૃત્તિઓની રચના કરી. જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં વ્યક્તિ, કુટુંબ, સંસ્થા કે સંઘના વ્યક્તિગત કે સામૂહિક પ્રશ્નોનાં નિરાકરણ કર્યાં. એ મહામના સાધુશ્રેષ્ઠ સં. ૧૯૫૩ના ચાતુર્માસ માટે ગુજરાનવાલા (હાલ પાકિસ્તાનમાં) તરફ વિહાર કરતા હતા ત્યાં તેમની તબીયત બગડી. ઉગ્ર વિહાર થઈ શક્યો નહીં. હાંફ ચડવા લાગ્યો. ગુજરાનવાલા પહોંચ્યા. જેઠ સુદ ૭ને દિવસે સાંજે પ્રતિક્રમણ કર્યા પછી રાત્રે એકદમ શ્વાસ ચડ્યો. તેઓશ્રી ઊઠીને આસન ઉપર બેઠા. શિષ્યમંડળ દોડી આવ્યું. તેમણે આસન ઉપર બેસીને ત્રણ વાર 'અર્હન્, અર્હન્, અર્હન્' એમ મંત્રોચ્ચાર કર્યો અને બોલ્યા, 'લો ભાઈ, અબ હમ ચલતે હૈ સબ કો ખમાતે હૈં.' અને તેઓશ્રીના ભવ્યાત્માએ નશ્વરદેહ છોડી દીધો.

પૂજ્યશ્રીના કાળધર્મ પામ્યાના સમાચાર જોતજોતામાં સમગ્ર ભારતવર્ષમાં ફેલાઈ ગયા. અનેક સ્થળે તેઓશ્રીની પ્રતિમાની અને પાદુકાની સ્થાપનાઓ થઈ. શત્રુંજય તીર્થ અને ગિરનાર તીર્થ પર પણ પૂજ્યશ્રીની પ્રતિમાઓ સ્થાપવાનો નિર્ણય થયો, એ તેમની અક્ષરકીર્તિનું ઉજ્જ્વળ દૃષ્ટાંત છે. તેઓશ્રી પોતાના સમુદાયની ધુરા પ્રિય શિષ્ય શ્રી વલ્લભસૂરિને સોંપતા ગયા. પંડિત સુખલાલજી તેમને અંજલિ આપતાં લખે છે: 'આત્મારામજી પરમ વિદ્વાન હતા, શક્તિસંપન્ન હતા અને તત્ત્વપરીક્ષક હતા. પરંતુ તે બધા કરતાં વિશેષ તો તેઓ ક્રાંતિકારી પણ હતા. એમણે સંપ્રદાયબદ્ધતાની કાંચળી ફેંકી દેવાનું સાહસ કર્યું હતું, એ જ બતાવે છે કે તેઓ શાંત ક્રાંતિકારી હતા.'

(સંકલન : પ્રા. રમણલાલ ચી. શાહ — 'પ્રબુદ્ધજીવન'નો તા. ૧–૭–૮૬ના અંકમાંથી સાભાર.)

### વચનસિદ્ધ વિભૂતિ : હૃદયસ્પર્શી પ્રવચનકાર : ચમત્કારિક ચારિત્રધર

## પૂ. ઉપાધ્યાય શ્રી વીરવિજયજી ગણિવર્ય

પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી ગણિવર શાંતિની મૂર્તિ સમા હતા. પ્રેરણાનું કેન્દ્રસ્થાન હતા. સુયોગ્યને યોગ્ય સ્થાને સ્થાપવા પોતાને ઉપાધ્યાયપદે આરૂઢ થવું પડ્યું હતું.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org